માઉન્ટ કાર્મેલ દ્વારા સે-૨૦ પ્રાથમિક શાળામાં કાર્યક્રમ યોજાયો

શહેરની આસપાસ શ્રાવણીયો જુગાર જામ્યો...!

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર આસપાસના ત્રણ અલગ અલગ સ્થળોએ જિલ્લાની જુદી જુદી પોલીસે દરોડા પાડીને ૨૪ કલાકમાં ૧૮ શકુનીઓને શ્રાવણીયો જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા છે. ૧૮ જુગારીઓમાં બે મહિલા હોવાનું ધ્યાને આવ્યું છે. સેકટર-૨૪ હરસિધ્ધ નગરમાં એક મકાનમાં, રૂપાલ ખાતે દરબાર વાસમાં ખુલ્લેઆમ અને સરગાસણ સીમમાં રંગોલી ફાર્મ પાસે મળી ત્રણ અડ્ડાઓ પર દરોડા પાડયા હતા. ત્રણેયમાં મળીને પોલીસે રૂ. ૧.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ સે-૨૧ પોલીસે ગઈ રાત્રે બાતમીના આધારે સે-૨૪ હરસિધ્ધનગર ખાતે મકાન નં. ૧૬૧ માં દરોડો પાડયો હતો. મકાનમાં રહેતી મહિલા મીનાબેન મોહનભાઈ પંચાલ અને અન્ય નરોડાની મહિલા દક્ષાબેન મોહનભાઈ પ્રજાપતિ ઉપરાંત અમદાવાદ નરોડા વિસ્તારના અન્ય ત્રણ શકુનીઓ જસ્મીન સુરેશ પારેખ, ચેતન ગીરીશ પંચાલ અને વિવેક સુરેશ પદમસાલી સહિત પાંચને પકડી પાડયા હતા. રોકડ રૂ. ૩૦,૩૬૫ તથા ત્રણ મોબાઈલ અને

બે મહિલાઓ સહિત ૧૮ શકુનીઓની ધરપકડ : જુગારના ત્રણ અડ્ડાઓ પરથી પોલીસે રૂ. ૧.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

એક બાઈક મળીને રૂ.૭૪,૫૬૫ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પાંચેયની સે-૨૧ પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે તે ઉપરાંત રૂપાલના દરબારવાસમાં ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા છ શકુનીઓને પેથાપુર પોલીસે આજે બપોરે દરોડો પાડીને પકડી પાડયા હતા. પ્રવિણ રજુજી ચાવડા, મહેન્દ્ર કચરાજી ચાવડા, દિલીપ રજુજી ચાવડા, કિરણ રણજીતસિંહ ચાવડા, રજુજી જવાનજી ચાવડા અને દશરથ મંગાજી ઠાકોર (તમામ રહે. રૂપાલ)ની રૂ. ૩૩૧૦ના રોકડ મુદ્દામાલ સાથે પોલીસે ધરપકડ કરી કાર્યવાહી શરુ કરી હતી તો બીજી તરફ ઈન્ફોસીટી પોલીસે બાતમીને આધારે ગઈ મોડી સાંજે સરગાસણની સીમમાં સ્થિત રંગોળી ફાર્મ પાસે દરોડો પાડી સાત શકુનીઓને પકડયા હતા. સે-૩૦ના અકબર મહેબુબ રાંધી, સે-૨૪ના રૂપક વાસુદેવ જોપે, સે-૧૩ના મંથન ભરત સોલંકી, રાણીપના ધન્વેશ ચીમન પંચાલ, કલોલના મહેન્દ્ર બાબુ રબારી, પ્રંતિજના દિગ્વીજય ભરત રાઠોડ અને સે-૪-એમાં રહેતા સંજય અજીત વાઘેલા મળીને સાતેયની રોકડ રૂ. ૧,૦૮,૦૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી હતી. ૨૪ કલાકમાં ત્રણ અલગ અલગ ટીમો દ્વારા ત્રણ જુગારના સ્થળોએ દરોડા પાડીને જિલ્લા પોલીસે બે મહિલા સહિત ૧૮ જુગારીઓની ધરપકડ કરી લઈ રૂ.૧,૮૫,૮૭૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

@ગાંધીનગર

- સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન ફુલડાને હારે ફુલાતોના કલાત્મક હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન સુકા મેવાના હિંડોળા યોજાશે.
- સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પવિત્રાના હિંડોળા યોજાશે.
- સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે તપનભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન બ્લોક નં. ૩/૨, છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.
- સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સુનિલભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૧૩૦/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.
- શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ એક હજાર નંગ કેળાના હિંડોળા યોજાશે.
- સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ વિષય ઉપર પૂજ્ય ગુરૂમા સામાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.
- રૂદ્રાભિષેક મંડળ દ્વારા વિનોદભાઈ રાવલના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૨૮/૧, સે-૭-એ ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.
- ભારત વિકાસ પરિષદ દ્વારા બપોરના ૨.૩૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધા યોજાશે.
- ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સાંજે ૫.૩૦ કલાકે સે-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે સ્વરચિત રચનાઓનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ યોજાશે.
- શ્રી રામજી મંદિર ટ્રસ્ટ દ્વારા પેથાપુરના રામજી મંદિર ખાતે ઓચ્છવ કિર્તન યોજાશે.
- જુનિયર સિટિઝન કાઉન્સિલની વાર્ષિક સાધારણ સભા સે-૩૦ના મુક્તિધામ સ્મશાન ખાતે સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે.
- સંસ્કાર ગ્રુપ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે સે-૭ના બગીચા ખાતે દેશભક્તિનો કાર્યક્રમ યોજાશે.

વાતવાતમાં

- ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી તથા જાણીતા કટાર લેખક સંજય થોરાત દર વર્ષે તેમના સે-૮માં નિવાસસ્થાને સ્વતંત્રતા દિનની ઉજવણીનું આયોજન કરે છે. આ વર્ષે આ કાર્યક્રમમાં 'કારગીલ વિજય' મિશનમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કર્નલ શૈલેષ પંચલોથિયાના હસ્તે ધ્વજવંદન કરાવાશે તથા તેમની સાથે ભારતીય સૈન્ય અને જવાનો અંગે રસપ્રદ માહિતીનું આદાન પ્રદાન કરાશે.
- શહેરના વિવિધ માર્ગો પર હજુ પણ ભયજનક સ્થિતિમાં અનેક વૃક્ષો જણાય છે જેનું અત્યારે વરસાદે વિરામ લીધો હોઈ ટ્રીમીંગ થાય તે જરૂરી છે. પથિકાશ્રમથી વાવોલ તરફના માર્ગ નં. ૩ પર સે-૧૩-સે-૫ના ક્રોસિંગ નજીક મુખ્ય માર્ગ પર કેટલાક તોતિંગ વૃક્ષોની ડાળીઓ એટલી બધી નમેલી છે કે એક તરફનો માર્ગ ઉપરથી વટીને રોડની મધ્યમાં ડિવાઈડરને અડવામાં માત્ર આઠ-દસ ફુટનું અંતર જ બાકી રહ્યું છે.
- રક્ષાબંધન નિમિત્તે શહેરમાં વિવિધ ડિઝાઈનની રાખડીઓનું આગમન થઈ ગયું હોવાથી બહેનો બજારમાં ખરીદી માટે ભીડ જમાવી રહી છે. શહેરમાં બ્રહ્માકુમારીઝ તથા રાષ્ટ્રીય સેવક સંઘ જેવી સંસ્થાઓએ તો રક્ષાબંધન પર્વની ઉજવણી પણ પ્રારંભ કરી દીધી છે.
- બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાનના આદરણીય પ. પ્રમુખ સ્વામી મહારાજના બ્રહ્મલીન થવાના સમાચાર સોશિયલ મિડિયા દ્વારા વાયુવેગે પ્રસરી જવા પામ્યા હતા. આ સાથે જ સોશ્યલ મિડિયા પર તેમના વિવિધ સંદેશા અને ઉપદેશો સહિતના મેસેજીસ દ્વારા નાગરિકોએ આદરપૂર્વક તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.

સે-૧૩ પ્રાથમિક શાળામાં વ્યસન મુકિતની 'ગૂંજ'

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના યુવાનોના એક ગ્રુપ ગૂંજ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા એક માસથી દર શનિવારે શહેરની એક સરકારી પ્રાથમિક શાળામાં વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. આ શનિવારે સેકટર-૧૩ની

સરકારી પ્રાથમિક શાળા ખાતે વ્યસન મુકિત અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને વ્યસનથી થતા નુકસાન અને ગેરફાયદા અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ જીવનમાં કયારેય વ્યસન નહી કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

ગૂંજ ફાઉન્ડેશનના વ્યસન મુકિત જાગૃતિ અભિયાનમાં સંસ્થાના સભ્ય કમલેશ સિસોદિયાએ બાળકોને વિવિધ વાર્તાઓ તથા દૃષ્ટાંતો દ્વારા વ્યસનથી થતા ગેરલાભો અને તેના જોખમો સમજાવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી તથા જાણીતા કટાર લેખક સંજય થોરાતે બાળકોને સારા સંસ્કારનું વ્યસન અપનાવવા પ્રેરિત કર્યા હતા જેમાં નિયમિત અભ્યાસ, માતા પિતા-ગુરુનો આદર કરવો તથા સારા પુસ્તકો વાંચવાની ટેવ વગેરેનો સમાવેશ થતો હતો. જાણીતા સામાજિક કાર્યકર તથા વિદ્યા લાયબ્રેરીના પ્રદિપસિંહ વાઘેલાએ બાળકોને વાર્તા સાથે વ્યસનથી થતા આર્થિક અને શારીરિક નુકસાન સાથે કારકિર્દી લક્ષી જોખમોથી પણ વાકેફ કર્યા હતા. આ પ્રસંગે શાળાની વિદ્યાર્થીનીઓએ પણ વ્યસન અંગે એક સુંદર જાગૃતિ ગીત રજૂ કરી ઉપસ્થિત તમામને દંગ કરી દીધા હતા.

કાર્યક્રમના અંતે ગૂંજ ફાઉન્ડેશનના વિજયસિંહ માજીરાણાએ બાળકોને વ્યસનથી દૂર રહેવાના અને અન્યોને પણ તે બાબતે પ્રેરિત કરવાનો પ્રયાસ કરવાના શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમના આયોજન તથા સફળતા માટે શાળાના આચાર્ય સહિત સમગ્ર કર્મચારી ગણ અને ગૂંજ ફાઉન્ડેશનના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે બાળકોને મ્હોં મીઠું કરાવાયું હતું.

વિસર્જન વખતે પુલ ઓળંગવા જતા યુવાન નદીમાં ખાબકયો

ગાંધીનગર, તા.૧૩

અમદાવાદ અમરાઈવાડી વિસ્તારથી શ્રધ્ધાળુઓ રિક્ષા સહિતના વાહનો લઈને ગઈ પરોઢીયે દશામાની મૂર્તિનું વિસર્જન કરવા ભાટ પાસે સાબરમતી નદીના પુલ પર આવ્યા હતા. પુલના એક છેડેથી બીજા છેડે જવા જતા એક યુવાન નદીમાં ઉપરથી નીચે ખાબકયો હતો અને ડુબી ગયો હતો. દરમિયાન આજે બપોરે તે યુવાનનો મૃતદેહ નદીમાંથી તરતો મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

અમરાઈવાડી વિસ્તારના રામરાજયનગર ખાતે રહેતા ૩૪ વર્ષીય અમિતભાઈ વિઠ્ઠલભાઈ કદમ તેમની રિક્ષા લઈને પડોશીઓ તથા પરિવારના સભ્યો સાથે ગઈ સવારે પરોઢીયે દશામાની મૂર્તિનું વિસર્જન કરવા ભાટથી નાના ચિલોડા જતા રિંગ રોડ પરની સાબરમતી નદી પાસે આવ્યા હતા. નદીના ઉપર વાહનોની આવક અને જાવકના એમ બે પુલ છે. અને બંને વચ્ચે સામાન્ય બે ફુટનું અંતર છે. પરોઢીયે અમિત કદમને આ બંને પુલનું અંતર દેખાયુ નહી અને પુલ કુદીને બીજા સામેના પુલ પર જવા પ્રયત્ન કર્યો તેટલામાં છેક નીચે નદીમાં પટકાયો હતો. માથામાં ગંભીર ઈજાઓની સાથો સાથ નદીના પાણીમાં પણ તણાઈ ગયો હતો. ગઈ સવારથી તેની શોધખોળ ચાલી રહી હતી દરમિયાન આજે બીજા દિવસે બપોરે તેનો મૃતદેહ શર્માજીના ફાર્મ પાસે નદીના પાણીમાંથી મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કાઢી અકસ્માત મોતનો ગુનો દાખલ કરતા ગુનાની તપાસ આરંભી છે.

માઉન્ટ કાર્મેલ દ્વારા સે-૨૦ પ્રાથમિક શાળામાં કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૨૧ માઉન્ટ કાર્મેલ શાળા તરફથી દત્તક લીધેલી સેકટર-૨૦ સરકારી પ્રાથમિક શાળામાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં માઉન્ટ કાર્મેલ શાળાના શિક્ષિકા મનીષા પરીખે વ્યકિતગત સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું સાથે સાથે નખ, વાળ, કપડાં ચોખ્ખા રાખવા, દાંત સાફ કરવા, સ્નાન કરવું વગેરે અંગે પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. પોતાની જાત અને પોતાના દેશને સ્વચ્છ રાખવા અંગે પ્રતિજ્ઞા લેવડાવી હતી. ધો-૧૧ સાયન્સના વિદ્યાર્થી શ્રેય જોગાણીએ 'વૃક્ષોનું જતન' અંતર્ગત વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. ત્યારબાદ સેકટર-૨૦ સરકારી પ્રાથમિક શાળામાં માઉન્ટ કાર્મેલ શાળાના 'ઈગલ ઈકો કલબ' તરફથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું સાથે સાથે દત્તક શાળાના વિદ્યાર્થીઓએ વૃક્ષોનું જતન કરવાની જવાબદારી લીધી હતી. સરકારી શાળાના બાળકોને સ્વચ્છતા જાળવવા માટે સ્વચ્છતા કીટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં માઉન્ટ કાર્મેલ શાળાના આચાર્યા સિસ્ટર રેણુકા, સર મહેન્દ્રસિંહ વાઘેલા અને અન્ય શિક્ષકગણના સહયોગથી સફળતાપૂર્વક કાર્યક્રમ સંપન્ન થયો હતો.

કડી કેમ્પસની એમબીએ કોલેજના વિદ્યાર્થીઓ જરૂરતમંદોની વ્હારે

ગાંધીનગર, તા.૧૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એસ.કે. પટેલ એમબીએ કોલેજના વિદ્યાર્થીઓ સેકટર-૨૪ના જરૂરતમંદોની વ્હારે આવ્યા હતા. કોલેજના વિદ્યાર્થી નિસર્ગ બુચની અને નિર્ભય પરમારની આગેવાનીમાં અન્ય ૧૦ જેટલા વિદ્યાર્થીઓ સેકટર-૨૪ની ઝુંપડપટ્ટીમાં જઈને ત્યાંના લોકોની સમસ્યાઓ સાંભળી હતી તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના સહયોગથી પગરખા વિતરણ પણ કર્યું હતું.

આ વિદ્યાર્થીઓએ ઝુંપડપટ્ટીમાં લોકોની વચ્ચે જઈને તેઓની સમસ્યાઓ અને પ્રશ્નો સાંભળ્યા હતા. તેઓએ લોકોની સમસ્યાઓની નાયબ કલેકટર અને મામલતદારને રજુઆત કરી હતી. તંત્રએ પણ તેમની સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. આમ કોલજના આગેવાનો-વિદ્યાર્થીઓએ કોઈ પણ હોદ્દા વગર જનતાની સેવા કરીને નગરજનો સમક્ષ એક ઉદાહરણ પુરું પાડયું હતું.

કોર્ટ સંકુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

નામદાર ગુજરાત હાઈકોર્ટની તેમજ ગુજરાત સરકારની સુચના અનુસાર ગાંધીનગર ડિસ્ટ્રીકટ સંકુલમાં બાર એસોસીએશન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ અને સેશન્જ જજ એ.સી. રાવ અને અન્ય ન્યાયાધીશો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ તબક્કે પર્યાવરણને જીવંત રાખવાનો સંદેશો પણ પાઠવવામાં આવ્યો હતો.

સે-૨ ૩ની શાળામાં રાષ્ટ્રીય ગીત સ્પર્ધા યોજાઈ

શ્રીમતી આર.જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા સે-૨૩ ખાતે ૧૫મી ઓગષ્ટના સંદર્ભે દેશભકિતના શૌર્ય ગીતોની વ્યકિતગત તેમજ સમૂહગાનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ વ્યકિતગત અને પાંચ સમૂહમાં શાળાની વિદ્યાર્થીનીઓએ દેશભકિતના ઉત્તમ ગીતો રજૂ કર્યા હતા. શાળાના ધોરણ-૯-ડીની સલિકા બલોલિયાએ 'મેરા મુલ્ક મેરા દેશ..' ગીત રજૂ કરી વ્યકિતગત સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે ધોરણ-૯-એ હેપ્પી મોદી અને હાર્દિ રાવલે 'યે દેશ હૈ વીર જવાનો કા...' ગીત રજૂ કરી સમુહગાનમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન એસ.એસ. પટેલ અને કિરણબેન વોરા દ્વારા કરવામાં આવ્યું હતું.

આજે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ડો. વિક્રમ સારાભાઈની જન્મતિથી પ્રસંગે વિવિધ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

૧૨મી ઓગષ્ટ સમગ્ર ભારતમાં ડૉ. વિક્રમ સારાભાઈની જન્મતિથી તરીકે ઉજવાય છે. આ દિવસની ઉજવણીના ભાગરૂપે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ડૉ. વિક્રમ સારાભાઈના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે તા. ૧૪ ઓગષ્ટને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩ ખાતે પોપ્યુલર લેકચર, ડોકયુમેન્ટ્રી ફિલ્મ શૉ અને નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં ગાંધીનગરની જુદી જુદી પ્રાથમિક શાળાના ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓ તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરની સાયન્સ કલબના વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ નિબંધ લેખન સ્પર્ધાનો વિષય ૨૧મી સદીમાં અંતરિક્ષ ક્ષેત્રે ભારતનું યોગદાન રાખવામાં આવ્યો છે. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ. ૪૦૦, દ્વિતિય વિજેતાને રૂ.૩૦૦ અને તૃતીય વિજેતાને રૂ. ૨૦૦ રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ ઉપરાંત ડૉ. વિક્રમ સારાભાઈના જીવન વિશેની ડૉકયુમેન્ટ્રી ફિલ્મ 'અંતરિક્ષ પથના પ્રણેતા ડૉ. વિક્રમ સારાભાઈ' પણ વિદ્યાર્થીઓને બતાડવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ અને વસંતભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અંગે વધુ માહિતી મેળવવા માટે સાયન્સ સેન્ટરના કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણાનો સંપર્ક કરવા જણાવાયું છે.

સોમવારે દાદા ભગવાન આપ્ત પુત્ર સત્સંગ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

દાદા ભગવાન પરિવાર દ્વારા આગામી તા. ૧૫મી ઓગષ્ટને સોમવારના રોજ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન સે-૭, લગ્નવાડી (કોમ્યુનીટી હોલ) ખાતે આપ્તપુત્ર સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સર્વે મહાત્માઓ તથા મુમુક્ષોને લાભ લેવા રમેશભાઈ સોંદરવાએ અનુરોધ કર્યો છે.

ગાંધીનગરના સેકટર-૧૬ સ્થિત બેંક ઓફ ઈન્ડિયાના એજીએમ બિમલ ગઢવાલાની મુંબઈ ખાતે બદલી થઈ છે. સે-૧૬ની બેંક ઓફ ઈન્ડિયાના શાખાના કર્મચારીઓ દ્વારા શુક્રવારે તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. બિમલ ગઢવાલાએ ગદ્‌ગદ્ હૈયે શાખાના કર્મચારી પરિવારનો આભાર માન્યો હતો. તેમણે આ પ્રસંગે ઉપસ્થિત નવા એજીએમ તરીકે કાર્યભાર સંભાળનાર પુષ્પા ચૌધરીને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

વૈષ્ણવ સમાજનું ગૌરવ

ગાંધીનગર વૈષ્ણવ સમાજ હવેલી મંદિરના સહમંત્રી હરેશભાઈ મોદીના પત્ની નીતાબેન મોદીએ ૬૬ વર્ષની વયે અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મીરજ મહારાષ્ટ્ર સંસ્થામાંથી શાસ્ત્રીય સંગીતમાં વિસારતની પદવી દ્વિતીય ક્ષેણીમાં પ્રાપ્ત કરી છે. ગાંધીનગર વૈષ્ણવ સમાજે તેમની આ સિદ્ધિને બિરદાવી શુભેચ્છા પાઠવી છે.

પવિત્ર શ્રાવણ માસમાં દ્વારકેશ સોસાયટીની 'વડિલ વંદના યાત્રા'

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર વાવેલ ખાતે 'ક' રોડ નજીક આવેલ દ્વારકેશ રેસિડેન્સી સોસાયટીના સભ્યો દ્વારા વડિલ વંદના યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા અંતર્ગત સોસાયટીના ૩૦ થી વધુ સિનિયર સિટીઝન્સને એક દિવસીય નિઃશુલ્ક ધાર્મિક યાત્રા પ્રવાસ કરાવાયો હતો.

હંમેશા વડિલોનો આદર કરવો, તેમને સન્માન આપવુ તે ભારતીય સંસ્કારના વણાયેલી બાબત છે. વાવોલની દ્વારકેશ સોસાયટી હંમેશા કંઈક 'નવતર' કરી સામાજિક જવાબદારી નિભાવવા સાથે નવી પેઢીને રાહ ચીંધવામાં અગ્રેસર રહે છે. આ વખતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે દ્વારકેશ સોસાયટીના રહીશો દ્વારા એક દિવસની વડિલ વંદના યાત્રા યોજી સોસાયટીના વડિલોને એક સાથે વિવિધ ધાર્મિક તેમજ ફરવાલાયક સ્થળોનો પ્રવાસ કરાવી તેમના ચહેરા પર સ્મિત રેલાવવા પ્રયાસ કરાયો હતો. આ પ્રવાસમાં વડિલોને સાદરા ખાતે જક્ષણી માતાનું મંદિર, કંટાળેશ્વર મહાદેવ, કંથારપુરા-વડ, ગલતેશ્વર, ખેડબ્રહ્મા, વિરેશ્વર, શરણેશ્વર, વિજયનગરની પોળો અને બેરણા તથા ગિયોડ વગેરે સ્થળોને આવરી લેવામાં આવ્યા હતા. આ યાત્રા તમામ વડિલોને વિના મૂલ્યે કરાવવામાં આવી હતી. ધાર્મિક ઉપરાંત કુદરતી સૌંદર્ય ધરાવતા પ્રાકૃતિક સ્થળોની મુલાકાત લઈ તમામ વડિલોના ચહેરા હકારાત્મક ઊર્જાથી આનંદમાં ખિલી ઉઠ્યા હતા. આ પ્રવાસાના કારણે સોસાયટીના બાળકોમાં વડિલો પ્રત્યે આદરની ભાવનાનો સંચાર થતો પણ જોવા મળ્યો હતો.

ચિરવિદાય

- સ્વ. અમરબા છત્રસિંહ ચાવડા, ઉ.વ.૭૫
- સ્વ. સુરસંગજી મંગાજી ઠાકોર, ઉ.વ.૬૧
- સ્વ. ગણપતભાઈ માવજીભાઈ પરમાર, ઉ.વ.૭૧
- સ્વ. શાંતુજી ચંદુજી ઠાકોર, ઉ.વ.૮૦
- સ્વ. યશવંતરાય ફુલચંદ ભટ્ટ, ઉ.વ.૯૪